# ૧૧૦ વર્ષની પરંપરા : સંસ્કૃત વિદ્યાલયમાં વેદપોથીનું પૂજન : ૩જી ઓક્ટોબર સુધી કરાશે

વડોદરા : એમએસયુનિની સંસ્કૃત મહાવિદ્યાલયમાં તા.૨૯મી સપ્ટેમ્બર થી ૩જી ઓક્ટોબર સુધીને શારદાપૂજન (સરસ્વતી પૂજન) કરવામા આવશે. આ માટે સોમવારે સરસ્વતીપૂજન માટેની સ્થાપના પણ યજ્ઞશાળામાં કરવામાં આવી હતી.

સંસ્કૃત મહાવિદ્યાલયની સ્થાપના ૧૯૧૫માં કરવામાં આવી હતી. ત્યાર થી સરસ્વતીપૂજન પ્રતિવર્ષ કરવામાં આવે છે. આ પૂજનની ખાસિયત એ છેકે બીજા દરેક પૂજનમાં પ્રતિમા કે ફોટાનું પૂજન કરવામાં આવે છે. પરંતુ સંસ્કૃત મહાવિદ્યાલયમાં વેદપોથીનું પૂજન કરવામાં આવે છે. મહાવિદ્યાલયમા જે શાસ્ત્રો ભણાવવામાં આવે છે. તેનું પૂજન કરવામાં આવે છે.

આ માટે નવરાત્રિના મૂળ નક્ષત્રમાં સરસ્વતીનું આત્વાહન કરવામાં આવે છે. તા. ૨૯મીના રોજ મૂળ નક્ષત્ર હોવાથી આજે સરસ્વતીપૂજન માટેની સ્થાપના કરવામાં આવી હતી. જયારે શ્રવણ નક્ષત્રમાં તેનું વિસર્જન કરવામાં આવે છે. તા.૩જી ઓક્ટોબરના રોજ શ્રવણ નક્ષત્ર સુધી સરસ્વતીપૂજન કરવામાં આવશે,

## આજનું પંચાંગ

- ભૂપેન્દ્ર ધોળકિયા

## આજની રાશિ